પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

**-: જાહેરનામું :-**

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

**ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૫૬ /૨૦૨૦**

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) તા.30/0૯/0૨0 ના તથા;

(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંક : જીજી/૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૧/૧૦/૨૦૨૦ આધારે.

સમગ્ર દેશમાં **COVID-19 ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી,** આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૦૫ થી મળેલ સત્તા અન્વયે **કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૪/03/૨૦૨૦ ના હુકમ ક્રમાંક:** 40-3/2020-DM-I(A) **થી** સમગ્ર દેશમાં તા.૨૫/03/૨૦૨૦ થી ૨૧ દિવસ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો વખતના હુકમથી આ અવધિ તા.30/0૯/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરીટી (N.D.M.A.) ના દિશાનિર્દેશ અનુસાર કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.30/0૯/૨૦૨૦ ના હુકમ ક્રમાંક 40-3/2020-DM-I(A) તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : જીજી/૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૧/૧૦/૨૦૨૦ માં જણાવેલ નિર્દેશોના આધારે કન્ટેન્ટમેન્ટ ઝોનમાં તા.૩૧/૧૦/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે,તથા કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિ ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ **ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪** મુજબ **તા.૦૨/૧૦/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦** વાગ્યાથી **તા.૩૧/૧૦/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦** વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું:

**-:હુકમ:-**

તા.૩૧/૧૦/૨૦૨૦ સુધી કન્ટેઇનમેન્ટ ઝોન/માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોનમાં લોકડાઉન યથાવત રહેશે.

| અ.નં | પ્રવૃત્તિઓ | કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તાર માટે |
|---|---|---|
| ૧ | સીનેમા હોલ, થિયેટર, મલ્ટીપ્લેક્ષ | હા,<br>૧૫ ઓક્ટોબર ૨૦૨૦ થી ૫૦% ક્ષમતા સાથે રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ તથા ભારત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જારી |

| | | |
|---|---|---|
| | | કરવામાં આવેલા એસ.ઓ.પીના આધારે સુચનાઓ જારી કરશે. |
| ૨ | મનોરંજન પાર્ક અને તેના સમાન સ્થળ | હા,<br>૧૫ મી ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ આ સંદર્ભના ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા એસ.ઓ.પી જાહેર કરવામાં આવશે. |
| ૩ | સ્વીમીંગ પુલ | હા,<br>૧૫ મી ઓક્ટોબર, ૨૦૨૦ થી ફકત રમત ગમતની તાલીમના હેતુ માટે રાજય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતીક પ્રવૃત્તિઓ વિભાગ યુવા બાબતોના મંત્રાલય, ભારત સરકારના યુવા બાબતો અને રમત ગમત મંત્રાલય દ્વારા જારી કરવામાં આવતી SOP આધારે સુચનાઓ જારી કરશે. |
| ૪ | Business to Business (B2B) Exhibitions | હા,<br>૧૫ મી ઓક્ટોબર, ૨૦૨૦ થી આ સંદર્ભે રાજય સરકારના ઉદ્યોગો અને ખાણ વિભાગ દ્વારા ભારત સરકારના વાણીજ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી સુચના આધારે રજુ કરવામાં આવશે. |
| ૫ | પાર્ક અને બગીચાઓ | હા. |
| ૬ | બધા ધાર્મિક સ્થળો | હા,<br>રાજય સરકારના આદેશથી તા, ૦૭ જુન ૨૦૨૦ ના રોજ, ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી SOP પ્રમાણે, ૦૮ જુન ૨૦૨૦ થી અમલમાં. |
| ૭ | હોટલો અને રેસ્ટોરન્ટો | હા,<br>ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય ની SOP મુજબ તા.૦૮ જુન ૨૦૨૦ થી અમલમાં.<br>૨૩:૦૦ સુધી ખુલ્લુ રહેશે.<br>Take-away સુવિધા માટે કોઈ સમય મર્યાદા રહેશે નહી. |
| ૮ | શોપીંગ મોલ | હા ,<br>ભારત સરકારના આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા જારી SOP મુજબ તા.૦૮ જુન ૨૦૨૦ થી અમલમાં. |
| ૯ | શોપ્સ ( દુકાનો) | હા. કોઈ સમય મર્યાદા નથી. |
| ૧૦ | લાયબ્રેરી | હા. ૬૦ % ની ક્ષમતા સાથે. |

| | | |
|---|---|---|
| ૧૧ | GSRTC બસ સેવાઓ/ શહેરી બસ સેવાઓ/ ખાનગી બસ સેવાઓ | હા, ૭૫% ની ક્ષમતા સાથે. |
| ૧૨ | મેટ્રો રેલ સેવા | હા, ભારત સરકારના Ministry of Housing and Urban Affairs , Government Of India દ્વારા જારી કરવામાં આવેલ એસ.ઓ.પી મુજબ. |
| ૧૩ | ઓટો રીક્ષાઓ | હા, ( એક ડ્રાઇવર +બે પેસેન્જર ) માસ્ક સાથે |
| ૧૪ | કેબ, ટેક્ષીઓ, કેબ એગ્રીગેટર, | હા. ( એક ડ્રાઈવર+ત્રણ પેસેન્જર ; જો બેઠક ક્ષમતા ૬ હોય, અથવા વધારે હોય તો એક ડ્રાઇવર + ચાર લોકોને પરવાનગી આપવામાં આવશે. ) માસ્ક સાથે |
| ૧૫ | ફેમીલી ઉપયોગના માટેના ખાનગી વાહનો | હા, ( એક ડ્રાઇવર + ત્રણ પેસેન્જર ) માસ્ક સાથે |
| ૧૬ | દ્વિચક્રીય વાહનો | હા( ૧ +૧) માસ્ક સાથે. |

1 સામાજિક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા other congregationમાં તા. ૦૧.૦૯.૨૦૨૦ના જાહેરનામાથી નિયત કરવામાં આવેલ ૧૦૦ વ્યકિતઓની મર્યાદા તા.૧૫.૧૦.૨૦૨૦ સુધી યથાવત રહેશે. ઉપરોકત બાબતો અંગે તા.૧૫.૧૦.૨૦૨૦ પછીની માર્ગદર્શિકાઓ ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવશે.

2. રાજ્યમાં શાળા, Coaching સંસ્થાઓ તા.૧૫.૧૦.૨૦૨૦ બાદ ક્રમશ: પુન: શરૂ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવશે. જે અંગે શિક્ષણ વિભાગ દ્વારા Department of School Education and Literacy (DoSEL), Ministry of Education, Government of India દ્વારા બહાર પાડવામાં આવેલ SOP ને ધ્યાને લઇ સ્થાનિક પરિસ્થિતીને લક્ષમાં લઇ વિગતવાર SOP/Instruction જાહેર કરવામાં આવશે.

3 Department of Higher Education (DHE), Ministry of Education, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના પરામર્શમાં સ્થિતીની સમીક્ષા કરીને કોલેજો/ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરવાના સમય અંગે નિર્ણય લેશે.

4 કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વખતો-વખતના હુકમથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે, અને તેનો તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

5 આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ તમામે કરવાનું રહેશે.

6. કેન્દ્ર સરકારના હવાલાવાળા હુકમ સાથેના Annexure-I માં જણાવવામાં આવેલ The National Directives for COVID-19 નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

7. જાહેરમાં થૂંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજ્ય સરકાર દ્વારા વખતો વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર રહેશે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

**-:વિસ્તાર:-**

**અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.**

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર **ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮,** અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે **ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮,** અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૫/૧૦/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,

(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૫) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૬) **PRO, C.P. Ahmedabad website, twitter handle, Facebook page** વિગેરે **Social Media** ઉપર પ્રસિધ્ધ થવા બાબત